નારણપુરમાં GIDCની મંજૂરી સામે આક્રોશ

વ્યારામાં રેલી સહિત ધરણા પ્રદર્શન કરી ૪ ગામના સ્થાનિકો દ્વારા સૂત્રોચ્ચાર

પ્રસ્તાવિત GIDC પ્રોજેક્ટનો ભારે વિરોધ



વ્યારાઃ ઉચ્છલના નારણપુર ગામે પ્રસ્થાવિત GIDC પ્રોજેક્ટનો સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવી છે. ત્યારે નારણપુર, વડપાડા નેસુ સહિત આસપાસનાં ૪ જેટલાં ગામના લોકો GIDC પ્રોજેક્ટની મંજૂરી રદ કરવાની માંગ સાથે વ્યારા સ્થિત જિલ્લા સેવાસદન કચેરી ખાતે તાપી કલેક્ટરને આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. દરમિયાન નારણપુર સહિત ૪ ગામના લોકોએ વ્યારામાં રેલી યોજી જિલ્લા સેવા સદન કચેરીએ ધરણાં પ્રદર્શન સાથે સૂત્રોચ્ચાર કરી GIDC પ્રોજેક્ટને રદ કરવાની પ્રબળ માંગ કરી હતી.

જીઆઈડીસીના વિરોધમાં ગતરોજ વ્યારા કલેક્ટર કચેરીએ મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા.

વિરોધનાં કારણ

1. **પેસા** એક્ટ (PESA Act)નું ઉલ્લંઘનઃ આ વિસ્તાર બંધારણની પાંચમી અનુસૂચિ હેઠળ આવતો હોવાથી અહીં 'પેસા કાયદો' લાગુ પડે છે. નિયમ મુજબ કોઈપણ પ્રોજેક્ટ માટે ગ્રામસભાની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત છે, જે વગર મંજૂરી અપાઈ હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.
2. **ફળદ્રુપ** જમીન અને આજીવિકાનું સંકટઃ સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનો પોતાની આજીવિકા સમાન ફળદ્રુપ જમીન ઉદ્યોગો માટે આપવા તૈયાર નથી. આ પ્રોજેક્ટથી ખેતીની જમીન અને ભૂગર્ભજળ પ્રદૂષિત થવાની ભીતિ છે.
3. **સ્વાસ્થ્ય** અને શિક્ષણ પર જોખમઃ પ્રસ્તાવિત સાઇટની આસપાસ પીએમ શ્રી કન્યા સાક્ષરતા સ્કૂલ, મોડેલ સ્કૂલ અને આદર્શ નિવાસી જેવી શાળાઓ આવેલી છે. ઉદ્યોગોનું પ્રદૂષણ અને ભારે વાહનોની અવરજવર બાળકોના સ્વાસ્થ્ય તથા સલામતી માટે જોખમી સાબિત થઈ શકે

જેમણે નારણપુર ગામે જીઆઈડીસીની મંજુરી રદ કરવા ભારે સૂત્રોચ્ચાર સાથે લોકોએ વિરોધ કર્યો હતો અને જે બાબતે ગામના આગેવાનોએ તાપી કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાપીના આ ગામ અગાઉ પણ ઉકાઇ ડેમના નિર્માણ સમયે અસરગ્રસ્ત થઈ ચૂક્યા છે અને આદિવાસી લોકોએ પોતાની મહામૂલી જમીન ગુમાવી દીધી હતી ત્યારે હવે પ્રસ્થાવિત GIDC પ્રોજેક્ટને લઈને સ્થાનિકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે.

ત્યારે આ પહેલાં સ્થાનિકો ઉચ્છલ મામલતદારને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને GIDC પ્રોજેક્ટને કોઈપણ ભોગે અહીં આવવા દેવા માંગતા નથી. મોટી સંખ્યામાં લોકોએ રેલી અને ધરણાં પ્રદર્શન કરી તાપી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ત્યારે તંત્ર દ્વારા આ બાબતે કોઈ ચોક્કસ નિર્ણય લઈ GIDC પ્રોજેક્ટને રદ કરવામાં ન આવે તો આગામી દિવસોમાં ઉપવાસ સહિત આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ચાંપાવાડી રેલવે ફાટક ફરી બંધ થતાં ૨૦૦ ગામડાંનો સંપર્ક ખોરવાયો

દક્ષિણ સોનગઢના ગ્રામીણ વિસ્તારના લોકોને હાલાકી

સોનગઢઃ સોનગઢના ઓટા ચાર રસ્તાથી આહવા તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલી ચાંપાવાડી રેલવે ફાટક કોઈપણ પૂર્વ આયોજન વગર અચાનક સમારકામના નામે સતત ત્રણ દિવસ માટે બંધ કરી દેવામાં આવતાં સ્થાનિક રહીશો, ખેડૂતો અને મુસાફરોમાં તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે. માત્ર એક મહિના અગાઉ જ આ ફાટક બંધ રાખવામાં આવી હતી. હવે ફરીવાર તે બંધ થતાં દક્ષિણ સોનગઢ વિસ્તારના અંદાજે ૧૫૦થી ૨૦૦ જેટલા ગામડાંનો મુખ્ય માર્ગ સાથેનો સંપર્ક ખોરવાયો છે.

રેલવે ફાટક બંધ હોવાને કારણે નોકરિયાત વર્ગ, સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ, ખેડૂતો અને રોજના રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકો પાસે ડાયવર્ઝન કે વૈકલ્પિક રસ્તા તરીકે માત્ર રેલવેનું ઘરનાળું જ એકમાત્ર વિકલ્પ બચ્યો છે, પરંતુ ત્યાંની વર્તમાન પરિસ્થિતિ અત્યંત દયનીય અને ભયાનક બની ચૂકી છે. ગરનાળાની અંદર મોટા ખાડા-ટેકરા હોવાની સાથે સાથે ત્યાં પાણી ભરાયેલા છે. આ સાંકડા અને પાણીથી ભરાયેલા ગરનાળામાંથી નાની-મોટી કાર, ટુ-વ્હીલર અને મોટા ટ્રક એકસાથે પસાર થવાનો પ્રયાસ કરતા ભારે ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે. કાદવ અને પાણી ભરેલા આ ખરાબ રસ્તા પર બંધ પડેલાં વાહનો અને બાઇક ચાલકો જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે. વારંવાર પૂર્વ આયોજન વગર માત્ર કાગળ પરની કામગીરીના નામે ફાટક બંધ કરવાથી ત્રસ્ત થયેલા સ્થાનિક લોકો હવે ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. ત્યારે વહેલી તકે આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે તેવી ઉગ્ર માંગ ઊઠી છે.

સંક્ષિપ્ત સમાચાર

નરથાણમાં ત્રણ બંધ મકાનમાં ચોરીનો ભેદ ઉકેલાયો

સાયણઃ ઓલપાડ પોલીસે નરથાણ ગામની સીમમાં આવેલી વૈષ્ણોદેવી વિલા સોસાયટીનાં ત્રણ બંધ મકાનમાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલી એક આરોપીની ધરપકડ કરી છે. ગત ૧૦થી ૧૭ ઓગસ્ટ દરમિયાન અજાણ્યો ચોર નળ, કૂકર, ઇલેક્ટ્રિક સગડી સહિત રૂ.૪૮,૨૦૦ના સામાનની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બાતમીના આધારે પોલીસે દંપતી અને સીસીટીવી ફૂટેજની મદદથી દાંડી રોડ પર નરથાણ ગામના પાટિયા પાસેથી આરોપી ચંદન બુબન સાહુ (ઉ.વ.૩૫) (રહે.,નાનપુરા, સુરત)ને ચોરાયેલા માલ સાથે ઝડપી લીધો હતો. પોલીસે ચોરીનો સામાન અને મોબાઈલ મળી કુલ રૂ.૫૮,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

દમણના બુટલેગર રમેશ ઉર્ફે માઇકલની પાસા હેઠળ ધરપકડ, વડોદરા મધ્યસ્થ જેલમાં ધકેલાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય જિલ્લામાં વિદેશી દારૂ સપ્લાય કરતા દમણના કુખ્યાત બુટલેગર રમેશ ઉર્ફે માઇકલ જગુભાઈ પટેલને સુરત ગ્રામ્ય LCB દ્વારા પાસા હેઠળ ઝડપી પાડી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. વર્ષ-૨૦૧૭માં દમણના કુંડ ફળિયા (ભીમપોર) ખાતે રહેતા ૫૫ વર્ષીય રમેશ ઉર્ફે માઇકલ સામે પાસાનું વોરંટ ઇશ્યુ કરવામાં આવ્યું હતું. લાંબા સમયથી કોર્ટ કાર્યવાહીના કારણે આ વોરંટની બજવણી પેન્ડિંગ હતી. LCB PI એન.જી.પાંચાણી અને તેમની ટીમે બાતમીના આધારે આરોપીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

માંડવી ખાતે ASP કચેરીનું લોકાર્પણ

ડિતેશ પટેલ

માંડવીઃ માંડવી ખાતે નવનિર્મિત મદદનીશ પોલીસ અધિક્ષક (ASP) કચેરીનું સુરત રેન્જ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહના હસ્તે ભવ્ય લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું, તેમજ આઈજી પ્રેમવીર સિંહને ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરાયા હતા. મહાનિરીક્ષક પ્રેમવીર સિંહે રિબિન કાપી કચેરીનું વિધિવત ઉદ્ઘાટન કર્યા બાદ નવનિયુક્ત મદદનીશ પોલીસ અધિક્ષક (ASP) અક્ષેશ એન્જિનિયરે પોતાનો પદભાર સંભાળ્યો હતો. સાથે એક સામાજિક પહેલના ભાગરૂપે આઈજી પ્રેમવીર સિંહ અને એસપી રાજેશ ગઢીયાના હસ્તે સ્થાનિક નાની બાળકીઓને સ્કૂલ કિટનું વિતરણ કરાયું હતું. આ લોકાર્પણ સમારોહમાં LCB, SOG, RSI સહિત માંડવી, ઉમરપાડા, ઝંખવાવ અને તડકેશ્વર પોલીસ મથકના PI અને PSI ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે માંડવી પોલીસ ઇન્સ્પેક્ટર જયેશભાઈ વળવી તથા તેમની ટીમે વ્યવસ્થા સંભાળી હતી.

વ્યારામાં બાઇક ચોર ઝડપાયો

વ્યારાઃ વ્યારામાં 15મી ઓગસ્ટે મનકામેશ્વર મહાદેવ મંદિર નજીકથી ફૂટપાથ પર પાર્ક કરેલી મોટરસાઇકલ નં.(GJ 05 FV 1419)ની ચોરી થઈ હતી. જે બાબતે ધવલ રાઠોડ દ્વારા અજાણ્યા શખ્સ વિરુદ્ધ વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે તપાસ શરૂ કરી હતી, જેમાં વ્યારાના ભસ્તી ફળિયા નજીકથી આરોપી ફૈઝલ ખાન શેરખાન પઠાણ (ઉ.વ.28) (રહે.,માલવાડ પટેલ કોમ્પ્લેક્સ, તા.વ્યારા)ને ચોરીની મોટરસાઇકલ સાથે ઝડપી લીધો છે. પોલીસે ચોરીની મોટરસાઇકલ કબજે કરી પકડાયેલા આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

બુહારીમાં ગણેશ મંડળોની બેઠક મળી

વાલોડઃ વાલોડના બુહારી ખાતે આગામી ગણેશ ઉત્સવના પવિત્ર તહેવારને લઇ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે બુહારી સ્થિત રામજી મંદિરના પટાગણમાં ગામના તમામ ગણેશ મંડળોના આગેવાનોની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બુહારી ગામનાં કુલ 19 જેટલાં ગણેશ મંડળના પ્રતિનિધિઓ અને ગ્રામજનો ઉત્સાહભેર હાજર રહ્યા હતા.

અંબાબા કોલેજમાં કાર્યક્રમ યોજાયો

દિપક

અંત્રોલીઃ અંબાબા કોમર્સ કોલેજ, મણિબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ અને દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન-સાબરગામ ખાતે NSSના ઉપક્રમે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત "10 કરોડ શપથ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી સંસ્થા તરફથી તનુદીદીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને નશાનાં દૂષણોથી થતા સામાજિક, શારીરિક અને માનસિક નુકસાન અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યુવાનોને નશાથી દૂર રહી સ્વસ્થ અને સંસ્કારી જીવન જીવવા માટે પ્રેરણા આપી હતી. આ પ્રસંગે આશરે 150 વિદ્યાર્થીઓ અને 20થી વધુ સ્ટાફ સભ્યોએ નશામુક્ત ભારતના નિર્માણ માટે શપથ ગ્રહણ કર્યો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્યા ડો.ફાલ્ગુનીબેન ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. NSSના કાર્યક્રમ અધિકારીઓ ડો.તેજસ શાહ અને પ્રો. શૈલેશ પાંદીએ કાર્યક્રમને સફળ બનાવવા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના આયોજક પ્રો. ભાર્ગવ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું.

બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં મોટો ધડાકો

ભાજપની સામે લોકોએ જીતાડ્યા તો ૪ ડિરેક્ટર ભાજપને શરણે જતા રહ્યા!

હારની નાલેશી છુપાવવા જીતેલી પેનલને પોતાની ગણાવવાનો ભાજપનો કારસો

ભાજપે સોશિયલ મીડિયામાં ફોટા મૂક્યા, સભાસદોમાં તમામ ૪ સામે ભારે આક્રોશ

બારડોલીઃ એશિયાની સૌથી પ્રતિષ્ઠિત અને મોટી ગણાતી બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીનાં પરિણામોએ સ્થાનિક રાજકારણમાં મોટો ભૂકંપ સર્જ્યો છે. ભાજપના વર્તમાન ધારાસભ્ય ઈશ્વર પરમાર અને સુરત જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ભાવેશ પટેલની કારમી હાર ખાલી સહકારી ક્ષેત્રનો જનાદેશ નથી, પરંતુ તેની પાછળ એક મોટું રાજકીય ષડયંત્ર રચાયું હોવાની વિગતો સપાટી પર આવી છે. સભાસદો અને રાજકીય વર્તુળોમાં અત્યારે એવી જોરદાર ચર્ચા ચાલી રહી છે કે, વર્ષ-૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે વિધાનસભા બહારના કોઈ નેતાનો રસ્તો સાફ કરી આપવા માટે ભાજપની જ એક આંતરિક ટીમે ધારાસભ્ય ઈશ્વર પરમાર અને ભાવેશ પટેલને હરાવવાનું વ્યવસ્થિત પ્લાનિંગ કર્યું હતું. પોતાના જ પક્ષના નેતાઓને પાડી દેવાના આ ખેલના પડઘા પ્રદેશથી લઈને કેન્દ્ર સુધી પડ્યા છે.

પોતાના જ દિગ્ગજ નેતાઓની હારથી સ્થાનિક સંગઠન પર માછલાં ધોવાઈ રહ્યાં છે. આબરુ બચાવવા અને ડેમેજ કંટ્રોલ કરવા માટે ભાજપે એક નવો જ પેંતરો અપનાવ્યો છે. જીતેલી 'કિસાન પરિવર્તન પેનલ' જાણે પોતાની જ છે તેવો દેખાવ કરવા માટે પક્ષે વિજયી ઉમેદવારોને સુરત જિલ્લા મધ્યસ્થ કાર્યાલય ખાતે સન્માન માટે આમંત્રણ આપ્યું હતું. આશ્ચર્યની વાત એ છે કે, ચૂંટણી પ્રચારમાં 'સહકારી સંસ્થાઓમાં રાજકારણ નહીં ઘૂસવા દઈએ' અને 'સુગર મિલને રાજકીય અડ્ડો નહીં બનવા દઈએ' તેવાં મોટાં વચનો આપનાર ૧૪માંથી ૮ ડિરેક્ટર જીતતાની સાથે જ ભાજપ હાઈકમાન્ડના એક ઈશારે પક્ષના ખોળામાં જઈને બેસી ગયા હતા. જિલ્લા ભાજપ પ્રભારી ગૌતમ ઘેડિયા અને પ્રમુખ ભરત રાઠોડના હસ્તે તેઓએ સન્માન સ્વીકારી લીધું હતું.

જ્યારે ભાજપ દ્વારા આ સન્માનના ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર મૂકવામાં આવ્યા, ત્યારે સભાસદો અને વિસ્તારના ખેડૂતોમાં ભારોભાર આક્રોશ ફેલાઈ ગયો હતો. જે ખેડૂતોએ સંસ્થાને રાજકારણથી મુક્ત કરવા ખોબલે ને ખોબલે મત આપ્યા હતા, તેઓ પોતાને છેતરાયેલા મહેસૂસ કરી રહ્યા છે. સભાસદોએ ચુંટાયેલા ડિરેક્ટરોને સીધા ફોન કરીને આકરા સવાલો સાથે ખુલાસા માંગવાનું શરૂ કરતાં નેતાઓ બેકફૂટ પર આવી ગયા હતા. લોકોનો મિજાજ જોઈ કન્વીનર અને ડિરેક્ટરોએ બચાવમાં ખુલાસો કરવો પડ્યો કે આ માત્ર એક શુભેચ્છા મુલાકાત હતી અને તેમને પક્ષના મેન્ડેટ સાથે કોઈ લેવાદેવા નથી. બીજી તરફ આ જ પેનલના ૬ સભ્યએ મતદારોની લાગણી અને વિશ્વાસને માન આપી આ રાજકીય મુલાકાતથી અંતર જાળવી રાખ્યું હતું. લોકોના હિતમાં રાજકારણથી દૂર રહેવાના આ ૬ સભ્યના નિર્ણયને સભાસદો આવકારી રહ્યા છે, જ્યારે દંભી આચરણ કરનાર ડિરેક્ટરો સામે રોષ હજુ પણ યથાવત છે.

ભાડાના બેંક એકાઉન્ટનો વેપાર કરતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

બારડોલી ટાઉન પોલીસે બેંક એકાઉન્ટની કિટ વેચવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો, છ આરોપીનાં નામ ખૂલ્યાં

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસે સાયબર ક્રાઈમમાં ઉપયોગમાં લેવાતા બેંક એકાઉન્ટની કિટ વેચવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. બારડોલી સ્ટેશન રોડ પરથી પોલીસે બાતમીના આધારે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. જેની પાસેથી બીજાના નામના બેંક એકાઉન્ટની પાસબુક મળી આવી હતી. આ સમગ્ર ઘટનામાં છ જેટલા આરોપીનાં નામ ખૂલ્યાં છે. જેઓ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને થોડા પૈસાની લાલચ આપી તેમના બેંક એકાઉન્ટ ખોલાવતા હતા અને બાદમાં આ ખાતાઓ સાયબર ગુનેગારોને ઊંચી કિંમતે વેચી દેતા હતા.

એ.એસ.આઈ. દીપકભાઈ વિઠ્ઠલભાઈ અને તેમની ટીમ બારડોલી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. એ સમયે બાતમી મળી હતી કે, એક વ્યક્તિ મુદ્દીત પેલેસ ચાર રસ્તા પાસેથી બેંક કિટ લઈને પસાર થવાનો છે. પોલીસે વોચ ગોઠવી મહેશભાઈ જીતુભાઈ રાઠોડ નામના યુવકને અટકાવ્યો હતો. તેની પૂછપરછ અને તલાશી લેતાં તેની પાસેથી ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિ.ની બે પાસબુક મળી આવી હતી. પૂછપરછમાં મહેશભાઈએ કબૂલ્યું હતું કે તેણે આ પાસબુક ખાતાધારકોને કમિશન આપીને મેળવી છે અને તે આ કિટ બીજાને ઊંચા કમિશનથી વેચે છે.

મહેશભાઈ રાઠોડ વિઠ્ઠલભાઈ શીંદે અને લતાબેન રાઠોડ જેવા સામાન્ય નાગરિકોને પાંચ હજાર રૂપિયા આપી તેમના નામે ખાતાં ખોલાવતો હતો. બાદ તે આ બેંક કિટ નવ હજાર રૂપિયામાં શિવશંકર કુશ્વાહને આપતો હતો. શિવશંકર આ જ કિટ બાર હજાર રૂપિયામાં લક્ષ્મણ શાહને વેચતો હતો અને અંતે લક્ષ્મણ શાહ આ કિટ અઢાર હજાર રૂપિયામાં ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં રહેતા કબીર નામના મુખ્ય સાયબર ગુનેગારને મોકલાવતો હતો.

પોલીસે સમન્વય પોર્ટલ પર આ એકાઉન્ટ નંબરોની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ ખાતાંનો ઉપયોગ થાણે સિટી, કલવા પોલીસ સ્ટેશન અને ઈનાયતનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનાઓમાં કરવામાં આવ્યો હતો. આ ખાતાઓમાં સાયબર ફ્રોડના ભોગ બનેલા લોકોનાં નાણાં જમા થયા હોવાનું પણ સામે આવ્યું છે. બારડોલી પોલીસે મહેશભાઈ રાઠોડ, વિઠ્ઠલભાઈ શીંદે, લતાબેન રાઠોડ, શિવશંકર કુશ્વાહ, લક્ષ્મણ શાહ અને કબીર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર આ ગુનામાં સંડોવાયેલા લતાબેન અને કબીર સિવાયના અન્ય તમામ આરોપીઓની પોલીસે અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉંભેળ નજીક પિકઅપમાં બે પશુ લઈ જતી પિકઅપ પકડાઈ

કામરેજઃ ઉંભેળ ગામ નજીક મહાદેવ હોટલ પાસે બોલેરો પિકઅપમાંથી આઈસર ટેમ્પો નં.(જીજે 19 એક્સ 6259)માં પશુઓની ગેરકાયદે હેરફેર થઈ રહી હતી. સ્થાનિક યુવક ગોપાલ ભરવાડને શંકા જતાં તેણે પૂછપરછ કરી પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળેથી પિકઅપ ચાલક નવાગામના હાકમ દોસુ આલિસર અને ટેમ્પો ચાલક સલીમ મુસા આલિસર સહિત માલિક વધા આલિસર અને વાજીદ સામે ગુનો નોંધ્યો છે. પોલીસે પશુઓ અને વાહનો સાથે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દેલાડમાં રૂ.૨.૬૭ લાખનો દારૂ ઝડપાયો

સાયણઃ સાયણ નજીક દેલાડ ગામની રામકિશન કોલોનીમાંથી ઓલપાડ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રૂ.૨.૬૭ લાખની કિંમતનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસે રેડ કરી ૧,૭૮૯ નંગ દારૂની બોટલ તથા બિયર ટીન સાથે ચંદુ ઉર્ફે ચંદો સુકાભાઈ રાઠોડ (ઉં.વ.૪૭)ને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨,૭૨,૪૮૮નો મુદ્દામાલ કબજે કર્યો છે. દારૂનો જથ્થો પૂરો પાડનાર મેહુલ નામના શખ્સને પોલીસે વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી આદરી છે.

વલથાણમાં ટેમ્પોની ટક્કરે બાઈક ચાલકનું મોત

કામરેજઃ મૂળ સુરેન્દ્રનગર અને હાલ વરાછા તેજેન્દ્રપાર્ક સોસાયટીમાં મકાન નં.57માં શૈલેષ ચુડાસમા (ઉં.વ.48) પરબ ગામે અંબિકા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ વિભાગ-2માં મજૂરીકામ કરતા હતા. બે દિવસ અગાઉ નોકરી પતાવી ઘરે આવી રહ્યા હતા. ત્યારે સાંજે 6.30 કલાકે બજાજ સિટી 100 બાઈક નં.(જીજે 05 એનએચ 4723) લઈ વલથાણમાં સરકીટ હાઉસની સામે મુંબઈ-અમદાવાદ ને.હા.નં.48 પર રોડ ક્રોસ કરતાં આઈસર ટેમ્પા નં.(ડીડી 01 પી 9408)ના ચાલકે અડફેટે લેતાં હોસ્પિટલ ખસેડાયા હતા. મોડી રાત્રે શૈલેષનું મોત નીપજ્યું હતું.

અંકલેશ્વરમાં સિંચાઈ વિભાગના રૂ.૬ કરોડના પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

અંકલેશ્વરઃ અંકલેશ્વરની કરજણ કોલોની ખાતે સિંચાઈ વિભાગના અંદાજે રૂ.૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વિવિધ પ્રકલ્પોનું રાજ્યના જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કરજણ કોલોની ખાતે ઇન્સ્પેક્શન બંગલો તેમજ યુ.આર.બી.સી.આઈ. ડિવિઝન અને સબ-ડિવિઝન ઓફિસ બિલ્ડિંગના નિર્માણકાર્યનો ખાતમુહૂર્ત સમારોહ યોજાયો હતો. સિંચાઈ વિભાગની માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે હાથ ધરાયેલા આ પ્રકલ્પો પૂર્ણ થતાં આધુનિક કાર્યસ્થળ ઉપલબ્ધ થશે.

ઈબ્રાહીમ કડુ

કોસંબા મર્કન્ટાઈલ બેંકની 49મી વાર્ષિક સાધારણ સભામાં હલ્લો

રૂ.26 લાખના હિસાબી ગડબડનો આક્ષેપ, માંડ મામલો થાળે પડ્યો

હથોડાઃ કોસંબાની મર્કન્ટાઈલ બેંકની 49મી વાર્ષિક સાધારણ સભા ગુરુવારે બપોરે 2 વાગ્યે તરસાડી ખાતે આવેલા મોટા મંદિર હોલમાં યોજાઈ હતી. બેંકના ચેરમેન ભરતસિંહ ગોહિલની અધ્યક્ષતામાં યોજાયેલી આ સભામાં બેંકના મુખ્ય હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સભાની શરૂઆત નક્કી કરવામાં આવેલા એજન્ડા મુજબ કરવામાં આવી હતી. જોકે, કાર્યવાહી દરમિયાન કેટલાક સભાસદોએ પોતાના પડતર પ્રશ્નો મુદ્દે રજૂઆત કરતા માંગ કરી હતી કે, પહેલા અમારા પ્રશ્નોના જવાબ આપો.

આ બાબતને લઈને સભામાં સભાસદો વચ્ચે હોબાળો સર્જાયો હતો. સભાસદો દ્વારા રૂ.26 લાખના હિસાબી ગડબડનો આક્ષેપ અને રૂપિયા બે લાખના આરબીઆઈ દંડ સહિતના પ્રશ્નો પુછાયા હતા. પરિસ્થિતિને થાળે પાડવા માટે બેંકના મેનેજિંગ ડિરેક્ટર દલપતભાઈ રબારીએ મધ્યસ્થતા કરી હતી અને સભાસદોને ખાતરી આપી હતી કે, સભાની કાર્યવાહી નક્કી કરાયેલા એજન્ડા મુજબ આગળ વધવા દો. એજન્ડા મુજબની કાર્યવાહી પૂરી થયા બાદ તમામ પ્રશ્નોના યોગ્ય જવાબો આપવામાં આવશે. બાદ મેનેજમેન્ટ દ્વારા સભાસદોના પ્રશ્નોના સંતોષકારક જવાબો અને જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી હતી. સાથે જ જણાવવામાં આવ્યું હતું કે જો કોઈ સભાસદને વધુ વિગત જોઈતી હોય, તો તેઓ બેંકના નિયમિત કામકાજના સમય દરમિયાન કચેરી ખાતે આવીને માહિતી મેળવી શકે છે. અંગત ચર્ચા અને બોલાચાલી વધતાં સભામાં વધુ હંગામો ન થાય એ માટે જવાબદાર અધિકારીઓ અને અન્ય સભાસદોએ પરિસ્થિતિ શાંત પાડી હતી. આખરે તમામ રજૂઆતો અને ચર્ચાઓ બાદ સભાની કાર્યવાહી નિયમ અનુસાર પૂર્ણ કરવામાં આવી હતી.

પાલોદમાં ટેન્કરમાંથી કેમિકલ ચોરી, એક કરોડનો મુદ્દામાલ કબજે

ઈબ્રાહીમ કડુ

હોટલ બંસીની પાછળ વેપલો ચાલતો હતો ને પોલીસ ત્રાટકી, ત્રણની અટકાયત

હથોડાઃ પાલોદ પોલીસ મથકની હદમાં આવેલી હોટલ બંસીની પાછળ હાઈવે પરથી પસાર થતા કેમિકલ ભરેલાં ટેન્કર્સમાંથી ગેરકાયદે રીતે કેમિકલ ચોરી કરવાનું મોટું કૌભાંડ પોલીસે ખુલ્લું પાડ્યું છે. પાલોદ પોલીસ સ્ટેશનના પી.આઈ. અમીરાજસિંહ રાણા અને પીએસઆઈ એસ.ડી.ગોવાળિયાને મળેલા બાતમીના આધારે પોલીસે હોટલની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં અચાનક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી કેમિકલ ચોરીમાં સંકળાયેલા બે ટેન્કર નં.(GJ-06-AX-8272, GJ-06-AV-5513) અને એક ટેમ્પો નં.(GJ-05-DP-5797) મળી આવ્યા હતા. પોલીસે વાહનો તથા તેમાં ભરેલું રૂ.27 લાખથી વધુની કિંમતનું કેમિકલ મળી કુલ રૂ.1 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પોલીસે ઘટના સ્થળેથી જ જયપ્રકાશ વસુદેવ યાદવ (રહે.,ઈચ્છાપોર, સુરત, મૂળ યુ.પી.), શ્રવણભાઈ ભમરલાલ ખટીક (ઉં.વ.40) (રહે.,ગોડાદરા, સુરત, મૂળ રાજસ્થાન) અને શિવશંકર સધયીરામ યાદવ (ઉં.વ.46) (રહે.,ઉધના, મૂળ યુ.પી.)ની ધરપકડ કરી તેમને જેલભેગા કર્યા હતા. પાલોદ પોલીસની આ કડક કાર્યવાહીને પગલે હાઈવે પર સક્રિય કેમિકલ ચોરોમાં ભારે ફાળ પડી ગઈ છે.